# દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિ.

**રજીસ્ટર્ડ ઓફિસ:** ૧લો અને ૨જો માળ, વિદ્યુત ભવન, સેક્રેટરિયટ બિલ્ડીંગની બાજુમાં, ૬૬ કે.વી. રોડ,
દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ – ૩૯૬૨૩૦.

**CIN:** U40101DN2022GOI005707

## જાહેર નોટીસ

**જોઇન્ટ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (જેઇઆરસી) સમક્ષ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના એઆરઆરની સમીક્ષા અને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે એઆરઆર અને વિજદર નિર્ધારણ માટેની દાખલ કરેલ અરજીની જાહેરાત**

૧. **પુર્વભૂમિકા:** દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ (ડીએનએચડીડી પીડીસીએલ) એ જેઇઆરસી (કન્ડક્ટ ઓફ બિઝનેસ) રેગ્યુલેશન્સ ૨૦૦૯ અને જેઇઆરસી (જનરેશન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશન મલ્ટિ યર ટેરિફ) રેગ્યુલેશન્સ ૨૦૨૧ અનુસાર અને ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ ની કલમ ૬૧,૬૨ અને ૬૪ હેઠળ જોઇન્ટ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (જેઇઆરસી) સમક્ષ નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩ ના એઆરઆરની સમીક્ષા અને નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ માટે એઆરઆર અને વિજદર નિર્ધારણ માટેની અરજી નંબર: ૮૯/૨૦૨૨ દાખલ કરેલ છે. પ્રસ્તાવિત એઆરઆરની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે:

૨. નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩ અને નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ માટે અંદાજીત વીજ વેચાણ, ડિસ્ટ્રિબ્યુશન લોસ અને એગ્રીગેટ રેવન્યુ રિક્વાયરમેન્ટ (એઆરઆર) નીચે મુજબ છે:

| ક્રમ નં. | વિગતો | નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩ | નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ |
|---|---|---|---|
| **૧** | **કેટેગરી મુજબ વેચાણ (MU)** | | |
| i | ઘરેલું | ૩૩૪.૯૯ | ૩૭૩.૦૭ |
| ii | એલઆઇજી/કુટિરજ્યોતિ | ૮.૧૧ | ૮.૯૭ |
| iii | વ્યાવસાયિક/બિન–રહેઠાણ | ૮૬.૧૯ | ૯૦.૬૭ |
| iv | ખેતી | ૭.૯૫ | ૮.૪૯ |
| v | એલટી ઔદ્યોગિક | ૪૫૯.૩૯ | ૪૭૯.૭૭ |
| vi | એચટી/ઇએચટી | ૮,૫૬૭.૮૬ | ૮,૯૧૩.૦૦ |
| vii | પબ્લિક લાઇટિંગ | ૭.૭૩ | ૭.૯૬ |
| viii | પબ્લિક વોટર વર્ક્સ | ૭.૯૧ | ૮.૨૧ |
| ix | હંગામી વિજ પુરવઠો | ૭.૪૦ | ૭.૭૪ |
| | **કુલ (in MU)** | **૯,૪૮૭.૫૫** | **૯,૮૯૭.૮૭** |
| **૨** | **ડિસ્ટ્રીબ્યુશન લોસ (%)** | **૩.૩૫%** | **૩.૧૬%** |
| **૩** | **વીજ ખરીદી (MU)** | **૧૦,૨૯૦.૯૫** | **૧૦,૬૯૯.૬૨** |
| **૪** | **એગ્રીગેટ રેવન્યુ રિક્વાયરમેન્ટ (એઆરઆર) (રૂ કરોડમાં)** | | |
| i | વિજ ખરીદી કિંમત | ૪,૮૮૪.૭૬ | ૫,૦૫૧.૭૨ |
| ii | ઓ એન્ડ એમ ખર્ચાઓ | ૯૪.૭૯ | ૯૫.૬૧ |
| iii | લોન પરનું વ્યાજ | ૧૩.૫૯ | ૨૨.૭૭ |
| iv | કાર્યકારી મૂડી પરનો વ્યાજ | ૨૩.૪૩ | ૨૪.૫૩ |
| v | ઘસારો | ૧૭.૬૪ | ૨૬.૮૫ |
| vi | સિક્યોરીટી ડિપોઝીટ પર વ્યાજ | ૭.૮૩ | ૮.૦૪ |
| vii | ઘાલ ખાધ | – | – |
| viii | ઇક્વિટી પર મળવાપાત્ર નફો | ૨૬.૧૧ | ૩૫.૫૯ |
| ix | આવકવેરો | | – |
| x | બાદ:– નોન–ટેરિફ આવક | ૩.૬૭ | ૩.૬૭ |
| **xi** | **એગ્રીગેટ રેવન્યુ રિક્વાયરમેન્ટ** | **૫,૦૬૪.૪૭** | **૫,૨૬૧.૪૫** |
| **xii** | **વીજ વેચાણ થી થતી આવક** | **૫,૦૫૫.૫૮** | **૫,૨૪૧.૩૧** |
| xiii | (ખાધ) / પુરાંત | (૮.૮૯) | (૨૦.૧૪) |
| xiv | અગાઉના વર્ષના (ખાધ) / પુરાંત | | (૯.૨૫) |
| xv | કેરીંગ કોસ્ટ | (૦.૩૬) | (૧.૫૫) |
| **xvi** | **સંચિત (ખાધ) / પુરાંત** | **(૯.૨૫)** | **(૩૦.૯૪)** |

૩. ડીએનએચડીડી પીડીસીએલે ટ્રૂઇંગ–અપ પ્રક્રિયા દરમિયાન આવકની ખાધને ધ્યાને લેવા પ્રસ્તાવ કરેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ માટે કેટેગરી પ્રમાણે ટેરિફ માળખાનો સારાંશ નીચે મુજબ છે:

| ક્રમ નં. | વિગતો | નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ | |
|---|---|---|---|
| | | ફિક્સ્ડ ચાર્જીસ | એનર્જી ચાર્જીસ |
| **૧** | **ઘરેલું** | | |
| | ૧લી ૧૦૦ યુનિટ્સ | રૂ. ૧૦/કેડબલ્યુ/મહિના | રૂ. ૧.૬૦/કે.ડબ્લ્યુ.એચ. |
| | ૧૦૧ થી ૨૦૦ યુનિટ્સ | | રૂ. ૨.૩૦/કે.ડબ્લ્યુ.એચ. |
| | ૨૦૧ થી ૪૦૦ યુનિટ્સ | | રૂ. ૨.૮૦/કે.ડબ્લ્યુ.એચ. |
| | ૪૦૧ અને તેથી વધુ | | રૂ. ૩.૪૦/કે.ડબ્લ્યુ.એચ. |
| | લાઇફ લાઇન ગ્રાહકો (માત્ર ૨X૪૦ W બલ્બ સુધી) | રૂ. ૧૦/કેડબલ્યુ/મહિના | રૂ. ૧.૦૦/કે.ડબ્લ્યુ.એચ. |
| **૨** | **વ્યાવસાયિક / બિન-રહેઠાણ** | | |
| | પહેલું ૧૦૦ યુનિટ્સ | રૂ.૨૦/કેડબલ્યુ/મહિના | રૂ. ૩.૩૫/કે.ડબ્લ્યુ.એચ. |
| | ૧૦૧ યુનિટ્સ અને તેનાથી વધુ | | રૂ. ૪.૩૫/કે.ડબ્લ્યુ.એચ. |
| **૩** | **ખેતી** | | |
| | મંજૂર થયેલા લોડ માટે ૧૦ એચપી સુધી | --- | રૂ. ૦.૯૦/કે.ડબ્લ્યુ.એચ. |
| | ૧૦ એચપી થી વધુ | --- | રૂ. ૧.૩૦/કે.ડબ્લ્યુ.એચ. |
| **૪** | **એલટી ઔદ્યોગિક** | | |
| | ૨૦ એચપી સુધી | રૂ.૩૦/એચપી/મહિના | રૂ. ૩.૬૫/કે.વી.એ.એચ. |
| | ૨૦ એચપી થી વધુ | રૂ.૮૦/એચપી/મહિના | રૂ. ૩.૮૫/કે.વી.એ.એચ. |
| **૫** | **એલટી પબ્લિક વોટર વર્ક્સ** | | |
| | ૨૦ એચપી સુધી | રૂ.૫૦/એચપી/મહિના | રૂ. ૪.૫૦/કે.ડબ્લ્યુ.એચ. |
| | ૨૦ એચપી થી વધુ | રૂ.૧૦૦/એચપી/મહિના | રૂ. ૪.૫૦/કે.ડબ્લ્યુ.એચ. |
| **૬** | **પબ્લિક લાઇટિંગ** | | |
| | બધા યુનિટ્સ માટે | | રૂ. ૪.૩૦/કે.ડબ્લ્યુ.એચ. |
| **૭** | **એચટી/ઇએચટી** | | |
| | ૧૧ કેવી સપ્લાય | રૂ.૪૦૦/કેવીએ/મહિના | રૂ. ૪.૩૦/કે.વી.એ.એચ. |
| | ૬૬ કેવી સપ્લાય | રૂ.૫૨૫/કેવીએ/મહિના | રૂ. ૪.૨૦/કે.વી.એ.એચ. |
| | ૨૨૦ કેવી સપ્લાય | રૂ.૫૭૫/કેવીએ/મહિના | રૂ. ૪.૧૫/કે.વી.એ.એચ. |
| **૮** | **હોર્ડિંગ્સ** | | |
| | તમામ ગ્રાહકો | રૂ.૧૧૦/કેવીએ/મહિના | રૂ. ૭.૦૦/કે.ડબ્લ્યુ.એચ. |
| **૯** | **ઇવી ચાર્જિંગ સ્ટેશન** | | |
| | એલટી વર્ગ | | રૂ. ૫.૧૦/કે.વી.એ.એચ. |
| | એચટી વર્ગ | | રૂ. ૪.૯૦/કે.વી.એ.એચ. |
| **૧૦** | **હંગામી વિજ પુરવઠો** | | |
| | હંગામી વીજ જોડાણ માટે નું ટેરિફ તેને લાગતી વળગતી કેટેગરી હેઠળનાં કાયમી પુરવઠાનાં ફિક્સ્ડ/ડિમાન્ડ ચાર્જિસ (જો કોઈ હોય તો) તેમજ ઊર્જા ચાર્જ (સંબંધિત સ્લેબ માટે, જો કોઈ હોય તો) તથા તે બંનેનાં ૫૦ ટકા રહેશે.<br>એક થી વધુ એક્ટીવીટી માટે હંગામી ટેરિફ, વ્યવસાયીક/બિન–રહેઠાણ કેટેગરીનાં હંગામી ટેરિફ મુજબ રહેશે. | | |

૪. પેરા–૧ માં ઉલ્લેખ કરેલ અરજીની નકલ ડીએનએચડીડી પીડીસીએલની રજિસ્ટર્ડ ઓફિસમાં ઉપલબ્ધ છે. તદ્ઉપરાંત, અરજીની સોફ્ટ કોપી ટોરેન્ટ પાવર લિમિટેડની વેબસાઇટ www.torrentpower.com પર પણ ઉપલબ્ધ છે.

૫. રસ ધરાવતા પક્ષકારો કામકાજનાં સમય દરમ્યાન ઉપરોક્ત ઓફિસમાં અરજીનું નિરીક્ષણ/અવલોકન કરી શકે છે. ઉપરોક્ત અરજીની નકલ રજિસ્ટર્ડ ઓફિસમાંથી રૂ. ૧૦૦/– ની ચુકવણી પર પણ મેળવી શકાય છે.

૬. ડીએનએચડીડી પીડીસીએલ દ્વારા કરવામાં આવેલી અરજી પર જો કોઈ વ્યક્તિને વાંધા/સૂચનો દાખલ કરવા હોય, તો, તેઓ જે દસ્તાવેજ આધાર લેતા હોય તેની સાથે અને જેઇઆરસી (કન્ડક્ટ ઓફ બિઝનેસ) રેગ્યુલેશન્સ ૨૦૦૯ માં જેઇઆરસી ફોર્મ–૩ (એનેક્ષચર–II)માં દર્શાવેલ સોગંદનામા પર, સચિવ, સંયુક્ત વીજળી નિયમનકારી આયોગ (જેઇઆરસી), ત્રીજા અને ચોથા માળે, પ્લોટ નંબર – ૫૫–૫૬, ફેઝ ૪, ઉદ્યોગ વિહાર, સેક્ટર –૧૮, ગુરુગ્રામ, હરિયાણા–૧૨૨૦૧૫ ને વ્યક્તિગત રૂપે અથવા ઇ–મેલ દ્વારા, ઇ–મેલ આઇડી secy.jercuts@gov.in, raengg4-jercuts@govcontractor.in ઉપરાંત ઇ–મેલ આઇડી chetanbundela@torrentpower.com પર, અથવા વ્યક્તિનું સંપૂર્ણ નામ અને ટપાલ સરનામ સાથે રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા, છ નકલોમાં વાંધા/સૂચનો દાખલ કરી શકે છે અને એ વાંધા/સૂચનો ની નકલ ડીએનએચડીડી પીડીસીએલને પણ રજીસ્ટર્ડ ઓફિસ પર મોકલી આપવાની રહેશે. જો વાંધા/સૂચનો દાખલ કરનાર મૌખીક રજુઆત પણ કરવા માંગતા હોય તો તેનો પણ ખાસ ઉલ્લેખ કરવો.

**અધિકૃત હસ્તાક્ષર કરનાર**

તારીખ: ૨૧.૦૪.૨૦૨૩ **ડીએનએચડીડી પાવર ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિ.**